કમિશનરેટ ઓફ ટેકનિકલ એજ્યુકેશન, ગુજરાત
એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ
એલ.ડી . કોલેજ ઓફ એન્જિનિયરિંગ કેમ્પસ, નવરંગપુરા , અમદાવાદ-૩૮૦૦૧૫

# DDCET 2026

ડિપ્લોમા એન્જિનિયરિંગ પછી ડિગ્રી એન્જિનિયરિંગ (BE/B.Tech) ના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માં પ્રવેશ માટે અને ડિપ્લોમા ફાર્મસી પછી ડિગ્રી ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર)માં પ્રવેશ માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઉપલબ્ધ સરકારી અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થા ની તમામ બેઠકો પર પ્રવેશ માટે ગુજરાત સરકાર દ્વારા પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭ ઓફલાઈન પ્રવેશ પરીક્ષા DDCET-2026 લેવાનું ઠરાવેલ છે.

**રજીસ્ટ્રેશન શરૂઆત:09.02.2026 ના રોજ બપોરે 01:00 વાગ્યેથી**
**રજીસ્ટ્રેશન પૂર્ણ: 30.03.2026 ના રોજ મધરાતે 12.00 વાગ્યે**
**એડમીટ કાર્ડ ડાઉનલોડ: 18.04.2026 થી ચાલુ**
**DDCET-2026 પરીક્ષા : 26.04.2026**

ACPC દ્વારા ગુજરાતના તમામ જિલ્લામાં 07.02.2026 થી 30.03.2026 દરમિયાન ઉમેદવારો અને વાલીઓ માટે વિના મુલ્યે અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવશે. વિગતવાર કાર્યક્રમ સમિતિની વેબસાઇટ અને અગ્રણી વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરવામાં આવશે.

## DDCET- 2026 યોગ્યતા:

- માન્ય બોર્ડ/યુનિવર્સિટીમાંથી ગુજરાત રાજ્યમાં ડિપ્લોમા ઇજનેરી / ફાર્મસી પાસ કરેલ અથવા અભ્યાસ(અંતિમ સેમેસ્ટર) કરતા ઉમેદવારો.
- અન્ય રાજ્યોમાંથી ડિપ્લોમા ધારક ઉમેદવારો સરકારની બેઠકોના 5% માટે પાત્ર રહેશે.
- AICTE ના નિયમો મુજબ B.Sc. / ડિપ્લોમા (વોકેશનલ) ઉમેદવારો પાત્ર રહેશે.
- બેકલોગ વિષયો ધરાવતા તથા પરિણામ અપેક્ષિત ઉમેદવારો પણ અરજી કરી શકશે.
- અરજદારો નોંધ લેશે કે માત્ર AICTE / PCI દ્વારા નક્કી કરેલ લઘુત્તમ પાત્રતા માપદંડો પૂર્ણ કરવાથી પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ થશે જ તેની ખાતરી મળતી નથી.

## રજીસ્ટ્રેશન પ્રક્રિયા:

- ઉમેદવારે gujacpc.admissions.nic.in વેબસાઇટ પર માત્ર ઓનલાઈન માધ્યમ દ્વારા તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને તથા રૂ. 250/- (નોન રીફંડેબલ) રજીસ્ટ્રેશન ફી ભરીને રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે.
- કોઈપણ દસ્તાવેજ વ્યક્તિગત રીતે જમા કરાવવાની કે ચકાસણી કરાવવાની જરૂર નથી. DDCET–2026 માટેની સમગ્ર રજીસ્ટ્રેશન પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રહેશે.
- અભ્યાસ વર્ષ 2026–27 માટે પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોએ DDCET–2026 પરીક્ષા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું તથા DDCET–2026 પરીક્ષામાં હાજર રહેવું ફરજિયાત રહેશે. કૃપા કરીને નોંધ લેશો કે રજીસ્ટ્રેશન માટે અન્ય કોઈ પણ માધ્યમ ઉપલબ્ધ નથી.

## પરીક્ષા કેન્દ્ર:

DDCET-2026 પરીક્ષા રાજ્યના તમામ જિલ્લાઓમાં લેવામાં આવશે. ઉમેદવારોને તેમની પસંદગીના ક્રમ અનુસાર કોઈપણ ત્રણ શહેરો પરીક્ષા કેન્દ્ર માટે પસંદ કરવાની સુવિધા આપવામાં આવશે.

## નિયુક્ત કરાયેલા સાયબર સ્પેસ સેન્ટર્સ સમય: કામકાજના દિવસો માટે સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધી

પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઇન્ટરનેટ દ્વારા ઓનલાઇન રજીસ્ટ્રેશન ફરજિયાત છે. ઇન્ટરનેટ સુવિધા ન ધરાવતા ઉમેદવાર કોઈપણ ચાર્જ ભર્યા વિના પ્રવેશ સમિતિ દ્વારા નિયુક્ત સાઈબર સ્પેસ સેન્ટર્સ (સુચી વેબસાઈટ www.acpc.gujarat.gov.in પર ઉપલબ્ધ છે) પર રજીસ્ટ્રેશનની સુવિધા મેળવી શકશે.

## DDCET પરીક્ષાનું માળખું:

- દરેક સાચા જવાબ માટે 2 ગુણ આપવામાં આવશે. દરેક ખોટા જવાબ માટે અથવા એકથી વધુ જવાબ આપવામાં આવ્યા હોય તો મેળવેલ ગુણમાંથી 0.5 (અડધો) ગુણ કપાશે. ન જવાબ આપેલ પ્રશ્નો માટે શૂન્ય ગુણ ગણવામાં આવશે. અંતે પ્રાપ્ત થયેલ કુલ ગુણના આધારે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે તથા તેના અનુરૂપ રેન્ક નક્કી કરવામાં આવશે.
- DDCET પરીક્ષા રાજ્યના વિવિધ કેન્દ્રોમાં ઓફલાઇન પદ્ધતિથી – પેપર આધારિત પરીક્ષા (Paper Based Test – PBT) રૂપે લેવામાં આવશે.

**DDCET EXAM STRUCTURE**

| Program | Paper No. | Paper | No. of question | Maximum Marks | Time Duration in minutes |
|---|---|---|---|---|---|
| Engineering and Technology | BE 01 | Basics of Science and Engineering | 50 | 100 | 150 (Two and Half Hours) |
| | BE 02 | Aptitude Test (Mathematics and Soft Skill) | 50 | 100 | |
| | | Total | 100 | 200 | |
| Pharmacy | BPH 01 | Basic of Pharmacy | 80 | 160 | 150 (Two and Half Hours) |
| | BPH 02 | Aptitude Test (Soft Skill) | 20 | 40 | |
| | | Total | 100 | 200 | |

## Visit acpc.gujarat.gov.in for :

DDCET -2026અભ્યાસક્રમ, જુના પ્રશ્નપત્ર અને તેમની answer Key, નોટીફીકેશન્સ, લાયકાત મેરીટ તૈયાર કરવા માટે ના નિયમો, નોટીસ અને તમામ પ્રકારની જાહેરાતો, સંસ્થાઓ અને ઓફર કરવામાંઆવતા અભ્યાસક્રમોની યાદી, નિયુક્ત સાયબર સ્પેસ સેન્ટર્સની યાદી, પ્રવેશ નો કાર્યક્રમ, કોમન મેરીટ લીસ્ટ, કટ-ઓફ માર્કસ, પ્રવેશ ફાળવણીનું વિશ્લેષણ વગેરે.

## Visit gujacpc.admissions.nic.in for:

DDCET પરીક્ષા માટે રજીસ્ટ્રેશન, ઓનલાઈન પ્રવેશ રજીસ્ટ્રેશન, રજીસ્ટ્રેશન ફીની ઓનલાઈન ચુકવણી, એડમિટ કાર્ડ ડાઉનલોડ કરવું, પસંદગી ભરવાની પ્રક્રિયા (ચોઇસ ફિલિંગ), સીટ ફાળવણીનું પરિણામ, પ્રવેશને કન્ફર્મ તથા રદ કરવાની પ્રક્રિયા, તેમજ પ્રવેશના કન્ફર્મેશન માટે ટોકન ટ્યુશન ફીની ચુકવણી.

**ઉમેદવારોને જણાવવામાં આવે છે કે ડિપ્લોમાથી ડિગ્રી પ્રવેશ માટે અલગથી રજીસ્ટ્રેશન ફી ભરવાની રહેશે.**

AICTEના પ્રવર્તમાન નિયમ અન્વયે કોઈ પણ વિદ્યા શાખામાં ડિપ્લોમા ઇજનેરી ધરાવતા ઉમેદવારો ડિગ્રી ઇજનેરીની કોઈપણ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી શકશે. પ્રવેશ માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ અનુસાર DDCET 2026 ના ગુણના આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે.

**079-26566000**

Time
08:00 am to 12.00 (Mid Night)

gujacpc.admissions.nic.in | ACPC Gujarat | acpc.gujarat | acpc.gujarat.gov.in